# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,ગાંધીનગર.

## અખબારી યાદી

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા માન્યતા પ્રાપ્ત રાજયની **ધોરણ-૧૦** ધરાવતી તમામ માધ્યમિક શાળાઓ અને સંસ્કૃત પ્રથમાની પાઠશાળાઓના આચાર્યશ્રીઓ, શિક્ષકશ્રીઓ, વહીવટી કર્મચારીશ્રીઓ, વાલીઓ તથા વિદ્યાર્થીઓને જણાવવાનું કે માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા(ધોરણ-૧૦)ની માર્ચ-૨૦૨૪ ની પરીક્ષામાં એક અથવા બે અથવા ત્રણ વિષયમાં અનુત્તીર્ણ/ગેરહાજર રહેલ ઉમેદવારો અને સ્ટાન્ડર્ડ ગણિત(૧૨) વિષયના પૃથક ઉમેદવારોની પૂરક પરીક્ષા તા.૨૪/૦૬/૨૦૨૪ થી શરૂ થનાર છે. પરીક્ષાર્થીઓના પ્રવેશપત્ર(હોલટિકિટ) તા.૧૫/૦૬/૨૦૨૪ થી બોર્ડની વેબસાઇટ **ssc.gsebht.in** અથવા **gsebht.in** અથવા **gseb.org** પરથી શાળા દ્વારા શાળાનો ઇન્ડેક્ષ નંબર તથા શાળાનો નોંધાયેલ મોબાઇલ નંબર અથવા ઇ-મેઇલ આઇ.ડી. દ્વારા લોગીન કરી ડાઉનલોડ કરી શકાશે. પ્રવેશપત્ર(હોલટિકિટ)ની પ્રિન્ટ કાઢીને પરીક્ષાર્થીના પૂરક-૨૦૨૪ પરીક્ષાના આવેદન મુજબ વિષય/વિષયો અને માધ્યમની ખરાઇ કરીને પ્રવેશપત્ર(હોલટિકિટ)માં નીચે નિયત કરેલ જગ્યાએ પરીક્ષાર્થીનો ફોટો ચોંટાડી, પરીક્ષાર્થીની સહી, પરીક્ષાર્થીના વર્ગ શિક્ષકની સહી તેમજ નિયત જગ્યાએ આચાર્યશ્રીનો સહી-સિક્કો (અડધી સહી અને સિક્કો ફોટા પર આવે તે રીતે) કરીને પરીક્ષાર્થીઓને આપવાની રહેશે. પ્રવેશપત્ર(હોલટિકિટ) સાથે પરીક્ષા માટેની ધોરણ-૧૦ની સૂચના (નં.૧ થી ૧૩) પ્રવેશપત્ર(હોલટિકિટ)ના પાછળના ભાગે પ્રિન્ટ કરી પરીક્ષાર્થી અને આચાર્યશ્રીની સહી સાથે ફરજિયાત આપવાની રહેશે. પ્રવેશપત્ર(હોલટિકિટ) સાથે ઓનલાઇન મૂકવામાં આવેલ વિતરણ યાદીમાં પ્રવેશપત્ર(હોલટિકિટ) તથા સૂચનાપ્રત આપ્યા બદલની પરીક્ષાર્થીની સહી લેવાની રહેશે. જેની તમામ સંબંધિતોને નોંધ લેવા અને સમયમર્યાદામાં જરૂરી કાર્યવાહી કરવા વિનંતી કરવામાં આવે છે. પરીક્ષાર્થીઓના આવેદન તથા પરીક્ષાર્થીના પ્રવેશપત્ર(હોલટિકિટ) માં દર્શાવેલ વિષય/વિષયો બાબતે કોઇ વિસંગતતા જણાય તો બોર્ડની ગાંધીનગર કચેરી ખાતેની માધ્યમિક શાખાનો જરૂરી આધારો સાથે દિન-૩ માં સંપર્ક કરવાનો રહેશે.

**નોંધ**:-મધ્યસ્થ મૂલ્યાંકન કેન્દ્ર પર પૂરક-૨૦૨૪ પરીક્ષાના પરીક્ષણ કાર્ય માટે શિક્ષકશ્રીઓના નિમણૂકપત્ર(Assessment Order) હોલટિકિટ સાથે ઓનલાઇન જ મોકલી આપવામાં આવેલ છે, જે શાળા દ્વારા ઓનલાઇન ડાઉનલોડ કરવાના રહેશે અને નિયત શિક્ષકશ્રીને જરૂરી વિગતો ભરી નિમણૂકપત્ર(Assessment Order) તથા સૂચનાઓ સુપ્રત કરવાની રહેશે. નિમણૂકપત્ર(Assessment Order) ની વિતરણ યાદી ડાઉનલોડ કરી તેમાં શિક્ષકશ્રીઓને નિમણૂકપત્ર મળ્યા બદલની સહી મેળવી શાળાના રેકર્ડ પર રાખવાની રહેશે અને નિમણૂકપત્રની નકલ(શાળા પ્રત) પણ શાળા કક્ષાએ સાચવી રાખવાની રહેશે.

(એમ.કે.રાવલ)
નિયામક(પરીક્ષા)
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ
ગાંધીનગર

તારીખ:-૧૫/૦૬/૨૦૨૪
સ્થળ :- ગાંધીનગર